| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૫/૦૭/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૦૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૨૪૨ | ૬૩ | ૯૩૦૫ | ૧૫૩૦૦ | ૬૩ | ૧૫૩૬૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૨ | ૦ | ૪૨૬૨ | ૫૭૭૮ | ૦ | ૫૭૭૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૨ | ૦ | ૪૨ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૬૧૪ | ૩૮ | ૧૦૬૫૨ | ૧૧૩૬૭ | ૨૪ | ૧૧૩૯૧ |
| કુલ | | ૨૪૧૬૦ | ૧૦૧ | ૨૪૨૬૧ | ૩૨૬૪૮ | ૮૭ | ૩૨૭૩૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૩ | ૫,૬૫,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૫૮૬ | ૯,૧૭,૨૦૦/- |

# **અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત**

## **નારોલ પોલીસ સ્ટેશનઃ-**

## **અપહરણકર્તા આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળાને ઉત્તરપ્રદેશ ખાતેથી શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પાર્ટ - A.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૧૨૯/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૨)(આઇ) તથા પોક્સો એકટ કલમ ૩,૪,૫(એલ),૬,૮,૯(એલ),૧૦,૧૧(૬), ૧૨ મુજબ ના ગુનાના કામે ભોગબનનાર ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૨ વર્ષ ૫ માસ નાની ને આરોપી મનોજ પારસભાઇ ગૌતમ રહે. ગણેશનગર ઇદરીશભાઇ પટેલની ઓફીસ પાસે ટોરેન્ટ પાવરની પાછળ દેવ હોટલ ચાર રસ્તા પાસે પીપળજ રોડ નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ કઠેર તા:તુલસીપુર જી.બલરામપુર ઉત્તરપ્રદેશ નાનો ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવા અથવા જારકર્મ કરવાના ઇરાદે ભગાડી તા. ૦૪/૦૩/૨૦૨૦ ના રોજ લઇ ગયેલ હોય જે ગુનાની તપાસ માટે અત્રેથી અલગ અલગ ટીમો બનાવી હ્યુમન શોર્સિસ તેમજ મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા મોબાઇલ ફોનટાવરનું એનાલિસીસ કરી ખંતપુર્વક તપાસ કરતા આરોપીના મોબાઇલ ફોન નું લોકેશન ઉત્તરપ્રદેશ તેમના મુળ વતન ખાતેનું આવતુ હોય જેથી અત્રેથી તાત્કાલિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન -૬ સાહેબની તપાસમાં જવાની મંજુરી મેળવી પો.સ.ઇ. એચ.સી.પરમાર તથા ટીમના માણસોને ઉત્તરપ્રદેશ ખાતે મોકલી આપી જે સબંધે ટીમના માણસો એ લોકેશન આધારે હકિકત મેળવી તપાસ કરતા આરોપી તથા ભોગબનનારને ઉત્તરપ્રદેશ ખાતેથી શોધી કાઢી આજરોજ તા. ૦૪/૦૭/૨૦૨૦ ના રોજ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે રજુ કરતા હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ સબંધે નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીનો કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય જેથી આરોપીની કોરોના અંગેની સારવાર કરાવવા માટે તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશન ની પોલીસ દ્વારા અપહરણ થયેલ ભોગબનનાર ફરીયાદીની સગીરવયની દીકરી તથા આરોપીને શોધી કાઢી ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

## ➢ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

- ❖ પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
- ❖ પો.સ.ઇ. એચ.સી.પરમાર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
- ❖ અ.લો.ર. ચંદ્રભાણ કૌશિકદાન બ.નં. ૧૨૭૨૪ તથા વુ.લો.ર. મિત્તલબેન રમેશભાઇ બ.નં. ८८3



**નારોલ પોલીસ સ્ટેશન :-**

## અપહરણકર્તા આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળાને શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ PART - A - 11191065200050/2020 ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટ ૩,૪,૫(એલ), ૬,૮,૯(એલ), ૧૦, ૧૧(૬),૧૨ મુજબ ના ગુનાના કામે ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ ૫ માસ નાની ને આ કામના આરોપી સુરેશ નરસિંહભાઇ જમણેસા રહે.જૈનવાસ પાથાવાડા દાંતીવાડા જી.બનાસકાંઠા નાનો ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવા અથવા જારકર્મ કરવાના ઇરાદે તા. ૧૭/૦૧/૨૦૨૦ ના રોજ ભગાડી લઇ ગયેલ હોય બાતમી હકિકત આધારે બનાસકાંઠા જીલ્લાના પેરોલ ફર્લો સ્કોડનો સંપર્ક કરી જાણ કરતા બનાસકાંઠા પેરોલ ફર્લો સ્કોડના માણસોએ ફરીયાદીની સગીરવયની દીકરી તથા આરોપીને પકડી પાસે પોથાવાડા પોલીસ સ્ટેશન બેસાડેલ હોય અત્રેથી તપાસ ટીમ મોકલી આરોપી તથા ભોગબનનારનો કબ્જો મેળવી નારોલ પોલીસ સ્ટેશન લાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

- **કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-**
  - પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
  - અ.મ.સ.ઇ. વિક્રમસિંહ માનસિંહ બ.નં ૮૧૫૯ પી.આઇ. પર્સનલ સ્ટાફ
  - અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧ પી.આઇ. પર્સનલ સ્ટાફ



# છેતરપીંડી વિશ્વાસઘાતના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશનઃ-**

## અમદાવાદના નારોલ, કાગડાપીઠ, કાલુપુર તથા નવરંગપુરા પોલીસ સ્ટેશન તથા વડોદરાના જવાહરનગર અને રાજસ્થાન જયપુર શહેરના ત્રણ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી વિશ્વાસઘાત ઠગાઈના ૦૯ જેટલા ગુનાઓ આચરી ખોટા નામ સરનામા ધારણ કરી અલગ અલગ ભાડાના મકાનમાં રહેતા મુખ્ય આરોપીને ટેકનીકલ એનાલિસીસ તથા ખાનગી બાતમી આધારે રાજસ્થાન ઉદેપુરથી ઝડપી પાડતી નારોલ પોલીસ

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોનદ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૦૩/૨૦૧૯ ધી ઈ.પી.કો.કલમ ૩૮૧, ૪૧૯, ૪૦૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૩ મુજબના કામના ફરીયાદીશ્રી નવલભાઈ બંશીલાલ જાતે કોઠારી ઉ.વ.૬૦ ધંધો.વેપાર રહે.મ.નં.ઈ/૮૦૧, તુલીપ શીટાડેલ શ્રેયશ ટેકરા આંબાવાડી અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે આરોપી પ્રકાશ પારેખ ઉર્ફે જયેશ હિતેષભાઈ જૈન રહે.૪૬/બી,ઉદયનગર વાઘોડીયા રોડ વડોદરા નાએ ફરીશ્રીની ઓફિસમાં ખોટુ નામ ધારણ કરી આસી.એકાઉટન્ટ તરીકે નોકરીએ રહી ફરીશ્રીની ઓફિસમાં રહેલ ચેકબુકમાંથી એક ચેકની ચોરી કરી ચેકમાં રકમ તથા તારીખ ભરી ખોટી સહી કરી કંપનીના નામનો ખોટો સિક્કો બનાવી મારી સદર ચેકનો ખરા તરીકે ઉપયોગ કરી આરોપીએ પોતાના ખાતામાં આર.ટી.જી.એસ.મારફતે રૂ.૧૪૭૮૦૦૦/- ટ્રાન્સફર કરી ફરીશ્રી સાથે ખોટા નામથી નોકરી મેળવી છેતરપીંડી,વિશ્વાસઘાત,ઠગાઈ કરી નોકરી નહી આવી જતા રહી ગુનો કરેલ હોય જે ગુનાની ઉંડાણપુર્વક તપાસ કરવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી અવાર નવાર સુચનાઓ મળતાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સા.નાઓની સુચના મુજબ એક ટીમ ઉદેપુર (રાજસ્થાન) ખાતે તપાસમાં જવા રવાના કરેલ અને ટેકનીકલ એનાલિસીસ મારફતે તપાસ કરી સતત સંપર્કમાં રહી ટાવર લોકેશન મેળવી આ ગુનાના મુખ્ય સુત્રધાર માસ્ટર માઈન્ડ આરોપી રમેશભાઈ મોહનલાલ જાતે સોની ઉર્ફે રામકુમાર મનોહરલાલ પારેખ ઉ.વ.૪૭ ધંધો.એકાઉન્ટ ઓડીટીંગ રહે.મ.નં.૨૦૨ પરાગ એપાર્ટમેન્ટ સાયફન ચાર રસ્તા પાસે બેડલા રોડ ઉદયપુર રાજસ્થાન રાજય તથા બ્લોક નં.૧૮ મ.નં.૧૧૭૨ રંગોલી ગાર્ડન મહારાણા પ્રતાપ રોડ જયપુર રાજસ્થાન રાજય મુળ વતન ગામ.મંડાલી તા.દાંતા જી.બનાસકાંઠાને પકડી પાડી પુછપરછ કરતાં આરોપી ખોટા નામના પાનકાર્ડ આધારકાર્ડ વિગેરે ડોક્યુમેન્ટ બનાવી દર છ મહિને ભાડાના મકાન બદલાવી અલગ અલગ જગ્યાએ રહેતો હોય અને ઉપરોકત ગુનાઓમાંથી મેળવેલ તમામ નાણા પોતાના ખોટા નામવાળા રામકુમાર મનોહરલાલ પારેખના બેંક એકાઉન્ટ તથા પેટીએમ

તથા વોલેટમાં ટ્રાન્સફર કરાવી બાદમાં રોકડમાં મેળવી લેતો હોય અને સદર નાણાનુ રોકાણ તેના પત્નિ જ્યોત્સનાબેન રમેશભાઈ સોનીના નામે અલગ અલગ કરેલ હોવાનુ જણાતા આ ગુનો આચર્યા બાદ ખરીદ કરેલ એક હ્યુંડાઈ કંપનીની ક્રેટા ફોરવ્હીલ ગાડી તથા રોયલ એન્ફીલ્ડ કંપનીનુ હિમાલીયન બુલેટ તથા ટી.વી.એસ.કંપનીનુ સ્ટાર સીટી મો.સા. તથા લેપટોપ તથા ખરા ખોટા નામવાળા અલગ અલગ પાનકાર્ડ આધારકાર્ડ તથા મોબાઈલ ફોન નંગ-03 મળી કુલ્લે કિ.રૂ.૧૨,૬૮,૨૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે આરોપીને ઉદેપુરાથી લાવી કોરોના વાયરસ (કોવિડ-૧૯) નો રિપોર્ટ કરાવી તેમજ આરોપીનુ બોડી ચેકપ કરાવી ફિટનેસ સર્ટી મેળવી તા.03/07/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગે અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવી તપાસ કરતાં આરોપી વિરુધ્ધ નીચે મુજબના ગુનાઓ નોધાયેલ હોય જેમાં અટક કરવાનો બાકી હોવાનુ જણાયેલ છે.

(૧)કાલુપુર  પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૩૪/૧૯ ઇપીકો કલમ ૪૦૮,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબ

(૨) કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૮/૧૯ ઇપીકો કલમ ૩૮૧,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબ

(૩) નવરંગપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૨/૧૯ ઇપીકો કલમ ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબ

(૪) નવરંગપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૭૭/૧૬ ઇપીકો કલમ ૩૮૧,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબ

(૫)બરોડા જવાહરનગર પોલીસ સ્ટેશન પાર્ટ A- 1119600920045/2020 ઇપીકો ૪૦૮,૪૨૦ મુજબ

(૬)જયપુર વિધાયકપુરી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૩૬૪/૧૬ ધી ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮ મુજબ

(૭)જયપુર સિટી પુર્વ જવાહરનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૧૮૯/૧૮ ધી ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,મુજબ

(૮)જયપુર કોટવાલી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૩૧૪/૧૮ ધી ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,મુજબ

**નોંધ:- સદર આરોપીએ તપાસ દરમ્યાન નીચે જણાવેલ ગુનાઓ આચરેલાની કબુલાત કરેલ છે. જે બાબતે તપાસ ચાલુ છે.**

(૧)બોમ્બે ટ્રાન્સપોર્ટ કંપની આંબાવાડી પાલડી અમદાવાદ,

(૨) નિયોટેક મેડીકલ ઇકયુમેન્ટ, તીરૂપતી એસ્ટેટ, બાપુનગર અમદાવાદ

(૩)બાથ ગેલેરી મનીષા ચોકડી બરોડા

(૪)નેશનલ ઇન્ડ. ચાંદપોલ બજાર જયપુર રાજસ્થાન

(૫)ઇલેકટ્રીક કંપની સૌડાલા જયપુર રાજસ્થાન

(૬)આયુર્વેદીક દવાની કંપની સૌડાલા જયપુર રાજસ્થાન

## મોડસ ઓપરેન્ડી :

આ કામમાં પકડાયેલ આરોપીઓ ખોટા નામથી આધારકાર્ડ, પાનકાર્ડ વિગેરે ડોક્યુમેન્ટ બનાવી તે નામનો ખોટો બાયોડેટા તૈયાર કરી ન્યુઝપેપરમાં ટેલીકોલર/એકાઉન્ટન્ટ જોઈએ છે. તેવી જાહેર ખબર વાંચી મોબાઈલ ફોનથી તેમજ રૂબરૂ સંપર્ક કરી આસિ.એકાઉન્ટન્ટ તરીકે નોકરીમાં રહી નોકરી સમય દરમ્યાન બેંક બેલેન્સ જાણી ચેકબુકમાંથી ચેકની ચોરી કરી ખોટી સહીઓ તથા સિક્કો મારી આર.ટી.જી.એસ.મારફતે પોતાના ખોટા નામ સરનામાવાળા અલગ અલગ બેંક એકાઉન્ટમાં નાણા ટ્રાન્સફર કરાવી પેટીએમ વોલેટ તથા એ.ટી.એમ.થી નાણા ઉપાડી લઈ આર્થિક ફાયદો મેળવવાનો.

## આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-

- આ કામે પકડાયેલ આરોપી અગાઉ સને-૨૦૦૩-૦૪ માં નવરંગપુરા, સેટેલાઈટ, નરોડા તથા શાહીબાગ તથા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમા ફોરવ્હીલ ગાડીની ચોરી કરી નંબર પ્લેટ બદલી ડુપ્લીકેટ R.C. બુક બનાવી વેચી દેવાના કેસોમા પકડાયેલ છે.



# ઘરફોડ ચોરીના આરોપીઓની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ.**

## અગાઉ ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં પકડાયેલ બે રીઢા ઘરફોડીયાને પકડી ઘરફોડ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલતી શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં બનતા ઘરફોડ ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન અને ક્રાઇમબ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના એ.એસ.આઈ.વિજયસિંહ ઇશ્વરસિંહ એ.એસ.આઈ. નીતીનભાઈ વેલાભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે પાલડી મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસેથી તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ આરોપી (૧) વિજય S/O કિશનભાઇ વરૂભાઇ દંતાણી ઉ.વ.૨૪ રહે.મકાન નં.૨/૪૯ ન્યુ ગણેશનગર સોસાયટી ભાઠા વાસણા અમદાવાદ શહેર (૨) સંજય @ કલ્લુ S/O વિજયભાઇ બાબુભાઇ દંતાણી ઉવ.૨૦ રહે. ૧/૩૨ ન્યુ ગણેશનગર સોસાયટી ભાઠા વાસણા અમદાવાદ શહેર નાઓને એક ઓટોરીક્ષા નંબર GJ-01-TD-0204 તથા સોના ચાંદીના દાગીનાઓ, મોબાઈલ ફોન,ગેસનો બાટલો,એલ.ઇ.ડી.ટીવી મળી કુલ્લે કિરૂ.૧૨૩૮૭૦/-ની મતાનો મુદામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપીઓનો પુર્વ ઇતીહાસ

પકડાયેલ આરોપી પૈકી આરોપી વિજય દંતાણી સને ૨૦૧૮ અને ૨૦૧૯ માં પાલડી ,સાબરમતી,વાસણા, ઘાટલોડીયા, નવરંગપુરા, નારણપુરા, ગુજરાત યુનીવર્સીટી, આનંદનગર, વાડજ પોલીસ સ્ટેશનમાં કુલ્લે ૧૪ ગુનાઓમાં પકડાયેલ છે તેમજ જામનગર અને ભુજ જેલમાં પાસા હેઠળ ગયેલ છે તેમજ આરોપી સંજય @ કલ્લુ સને ૨૦૧૮ અને ૨૦૧૯ માં રાણીપ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના એક એક ગુનામાં પકડાયેલ છે અને રાજકોટ જેલમાં પાસા હેઠળ જઇ આવેલ છે.

## ઘરફોડ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલાયો

(૧) આજથી બે માસ પહેલા રાત્રીના સમયે ઉપરોકત રીક્ષામાં બેસી વાસણા ચંદ્રનગર ખાતે આવેલ પનામા સોસાયટીમાં ગયેલા અને ત્યાં એક બંધ મકાનના દરવાજાનો નકુચો તાળા સાથે તોડી રૂમમાં પ્રવેશી આ ઇન્ડીયન કંપનીનો ગેસનો બાટલો ચોરી કરેલ.આ અંગે વાસણા પો.સ્ટે ખાતે નોંધાયેલ પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૦૬૬૨૦૦૭૫૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૪૫૪.૪૫૭. ૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) ઉપરોકત ગુનો કર્યા બાદ તુરતજ સદર મકાનની પાછળ આવેલ મકાનમાં ગયેલા આ મકાનના પાછળના દરવાજાની બારી તોડી મકાનમાં ઘુસેલા અને તિજોરી ખોલી તેમાંથી સોના ચાંદીના દાગીના ,મોબાઇલ ફોન ની ચોરી કરેલ અને કબાટ ઉપર મુકેલ એલ.ઇ.ડી.ટીવી ની ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે.

## શોધાયેલ ગુન્હા

(૧) વાસણા પો.સ્ટે પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૦૬૬૨૦૦૭૫૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦ મુજબ

## પકડાયેલ આરોપીની એમ.ઓ

આ કામે પકડાયેલ આરોપીઓ પોતાના કબ્જાની ઓટોરીક્ષા લઇને શહેર વિસ્તારમાં ફરતા અને મોકો મળેથી રાત્રીના સમયે બંધ મકાનમાં ઘુસી દરવાજાના નકુચા/તાળા તોડી મકાનમાં પ્રવેશી ચોરી કરતા હોવાનુ જણાવેલ છે.પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ જારી છે બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.



# વાહન ચોરીના આરોપીઓની અટકાયતની વિગત

## "કે" ડિવીઝન

### વાહન ચોરીના બે ગુનાઓ શોધી કાઢતી " કે " ડિવીઝનની ટીમ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ "કે" ડિવીઝન નાઓએ "કે" ડિવીઝન વિસ્તારના નાસતા-ફરતા ચાલુ તપાસના પકડવાના બાકી આરોપીઓ તેમજ વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધવા સારૂ એક ટીમ બનાવી ખંત પુર્વક પ્રયાસ કરી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના આપેલ જેથી "કે" ડિવીઝન ટીમના અ.હેડ.કોન્સ .શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં-૮૭૩૪ તથા અ.હે.કો જયરાજસિંહ હરીસિંહ બ.નં-૪૪૦૭ તથા પો.કો.હર્ષદસિંહ ગંભીરસિંહ બ.નં-૪૭૮૫ તથા પો.કો. વિરભદ્રસિંહ રાજેન્દ્રસિંહ બ.નં-૧૦૩૧૧ નાઓ "કે" ડિવીઝન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો. હર્ષદસિંહ ગંભીરસિંહ બ.નં-૪૭૮૫ નાઓએ મળેલ બાતમી હકીકત આધારે આરોપી પ્રશાત ઉર્ફે જાંબુ સન/ઓફ શંકરભાઇ કાળીદાસ જાતે-ગાયકવાડ ઉ.વ-૧૮ રહે. બી/૫૪ તીર્થ ભૂમી સોસાયટી નારોલ અમદાવાદ શહેર નાને વાસણા પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૬૬૨૦૦૭૬૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરી થયેલ પ્લસર મો.સા.નં-GJ-01-NP-3597 ની સાથે પકડી સી.આર.પી.સી. કલમ ૪૧(૧) (ડી) મુજબ તા-૦૩/૦૭/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ અને સદરી આરોપીને વિશ્વાસમાં લઇ સઘન પુછપરછ કરતા સદરી આરોપીએ પાલડી પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી વાહન ચોરી કરેલાની કબુલાત કરતા સદરી આરોપી પાસેથી પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી કરેલ પ્લસર મો.સા.નં-GJ-01 - PK -0328 નુ તપાસ દરમ્યાન રીકવરી કરી તપાસ અર્થે કબજે કરી પાલડી પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો તેમજ વાસણા પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે.તા-૦૪/૦૭/૨૦૨૦

# <u>નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત</u>

## <u>શાહીબાગ પોલીસ સ્ટેશન :-</u>

## <u>છેલ્લા એકાદ વર્ષથી નાસતા-ફરતા પાસા અટકાયતીને પકડતી શાહીબાગ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે મે. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૮૬/૨૦૧૯ તા.૦૫/૦૪/૨૦૧૯ આધારે તા.૦૫/૦૪/૨૦૨૦ ના રોજ બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા અટકાયતી નામે રોહિતકુમાર ચંદ્રકાત પટણી રહે-પટણીનગર, સંતોષબેનની ચાલી, ચમનપુરા, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેરનાને જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ અને જે પાસા અટકાયતી પોલીસ જાપ્તામાંથી ભાગી જતા જે બાબતે લાકડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૨/૨૦૧૯ ઈ.પી.કો.કલમ.૨૨૩,૨૨૪ મુજબ ગુનો દાખલ થયેલ અને તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ નાઓને ઉપરોકત પાસા અટકાયતીની ખાનગી બાતમી હકીકત મળતા સદરીની તપાસ કરતા મળી આવતા નામદાર ગુજરાત હાઇકોર્ટની ગાઇડ લાઇન મુજબ કોવીડ-૧૯ નો રીપોર્ટ કરાવી આજરોજ તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ ઉપરોકત હુકમ આધારે પાસા અટકાયતીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપી સારી કામગીરી કરેલ છે.

**<u>આરોપીનું નામ</u>** ;- રોહિતકુમાર ચંદ્રકાત પટણી ઉ.વ.૩૯ રહે-પટણીનગર, સંતોષબેનની ચાલી, ચમનપુરા, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર

**<u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;-</u>** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો રાજેશભાઈ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯



# નકલી પોલીસ બની રાહદારીઓ પાસેથી પૈસા પડાવતા આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશનઃ-

## ડુપ્લીકેટ પોલીસ બની આવતા જતા રાહદારીઓને ડરાવી ધમકાવી પૈસા પડાવતા ઇસમો પૈકી રૂપીયા ૭૫,૦૦૦/- ની ખંડણીના ગુનામાં મોટર સાયકલ તથા મોબાઈલ ફોનના મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડતી રામોલ પોલીસ

આજરોજ તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૮૮૧-એ ઈપીકો કલમ ધી ઈપીકો કલમ ૧૭૦,૩૮૪,૫૦૬(૧),૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામા આવેલ જેમા ફરીયાદી નામે રાજુભાઈ શ્રીકીશન બઘેલ ઉવ:૩૫ ધંધો:મજુરી રહે:૪/૯ અમરાજીનગર ગલી નં.૧ રામેશ્વર ચાર રસ્તા મેઘાણી નગર અમદાવાદ શહેરનાઓ પોતાની સ્ત્રી મિત્રને મળી જશોદાનગરથી સીટીએમ તરફ આવતો હતો તે દરમ્યાન બે અજાણ્યા ઇસમોએ તેને રોકી પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી તેને ડરાવી ધમકાવી જણાવેલ કે તુ કોને મળીને આવેલ છે તે અમને ખબર છે અમે તારો ભાંડો ફોડી દઇશુ અને ગુનો દાખલ કરી જેલમાં નાખી દઇશ તારે બચવુ હોય તો તારે મને ૭૫,૦૦૦/- રૂપીયા આપવા પડશે જેથી ઇજ્જત જવાની બીકે ફરીયાદશ્રીએ એટીએમ માંથી રૂપીયા ૧૦,૦૦૦/- તથા બીજા દીવસે રોકડા રૂપીયા ૧૫,૦૦૦/- આરોપીઓને આપેલ જેમા ફરીયાદીને પોલીસ તરીકેની ઓળખાણ આપી ઇસમો પોલીસ ન હોવાની શંકા જતા ફરીયાદીએ આ બાબતની ફરિયાદ પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરાવેલ દરમ્યાન સર્વેલન્સ સ્ટાફમાં ફરજ બજાવતા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ તથા પો.કો સત્યજીતસિંહ નિર્મળસિંહ બ.નં.૧૦૯૪ નાઓને મળેલ સંયુક્ત બાતમી મળેલ કે રામોલ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત ગુનો દાખલ થયેલ છે તેમા જે ઇસમોનુ વર્ણન દર્શાવેલ છે તેવા ઇસમો આજરોજ ફરી સીટીએમ પાસેથી પસાર થવાના છે તેવી બાતમી હકીકત મળતા રામોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ બી.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સીટીએમ ખાતે વોચમાં ગોઠવાય ગયેલ દરમ્યાનમાં વર્ણનવાળા ઇસમ નીકળતા તેને રોકી તેની પુછપરછ કરતા તેને પોતાનુ નામ અયુબસા ઈબ્રાહીમસા દીવાન ઉવ:૨૭ રહે:અકબરનગરના છાપરા ગરીબનગર ચાર રસ્તા બાપુનગર અમદાવાદ શહેર બતાવેલ જેને વધુ પુછપરછ માટે પોલીસ સ્ટેશન લાવેલ જ્યા તેની ઊંડાણ પૂર્વક યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા તેણે ઉપરોક્ત ગુનો આચરેલ હોવાનુ કબુલ કરેલ અને પોતે પોલીસની ખોટી

ઓળખાણ આપી ખંડણી ઉઘરાવેલ છે તેવુ જણાવેલ તેની કબુલાત બાદ ફરીયાદીશ્રીને પોલીસ સ્ટેશન ખાતે બોલાવતા તેણે આરોપી ઓળખી બતાવેલ જેથી ઉપરોક્ત ગુનાના કામે રામોલ પોલીસ સ્ટેશન ખાતે અટકાયત કરવામા આવેલ છે અને તેને ગુનામાં વાપરેલ મોબાઇલ તેમજ મોટર સાયકલ કબ્જે લેવામાં આવેલ છે વધુ પુછપરછ કરતા તેણે પોતાની સાથે બીજા બે આરોપી સંડોવાયેલાના નામ પણ જાહેર કરેલા જેમાં એકનુ નામ (૧) સલીમ રાજપુત બીજાનુ નામ (૨) યાસીન ઉર્ફે પપૈયા સબ્બીરભાઇ કુરેશી બંને રહે:નુરનગરની ચાલી રખીયાલ અમદાવાદ શહેરનાનો દર્શાવેલ. જેથી ડુપ્લીકેટ પોલીસ બની આવતા જતા લોકોની ચેનકેન પ્રકારે ધમકી આપી ડરાવી ધમકાવી મોટી રકમના તોડ કરતા આવા ઇસમો પૈકી એક આરોપીને ગુનામાં વાપરાયેલ મોબાઇલ તેમજ મોટર સાયકલના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં રામોલ પોલીસને સફળતા મળેલ છે.



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૦૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૭૮ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૯ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૦૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૦૬/૨૦૨૦

**સરદારનગરઃ** (૧) સુનિલ સુદરદાસ વસ્યાણી (ઉ.વ.૩૪) (રહે. કર્ણાવતી સુદરવન રેસીડેન્સી આઇ.ટી.આઇ પાસે જી વોર્ડ કુબેરનગર સરદારનગર) એ તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૧/૨૦૨૦ થી તા.૦૧/૦૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૭૪૩૯૧૪૮૭૦૭ ના ધારકે સુનિલ વસ્યાણીના મોબાઈલ પર ફોન કરી પોતે ગ્રુફર એપ્લીકેશન માથી બોલુ છુ તેમ કહી સુનીલ વસ્યાણીના બાકી રીફંડ પરત આપવાનુ કહી સુનીલ વસ્યાણીના પેટીએમ એપ્લીકેસન નંબર માગતા સુનીલ વસ્યાણીએ એપ્લીકેસન નંબર આપતા સુનીલ વસ્યાણીના યુનિય બેંક ઓફ ઇન્ડીયા ધનલક્ષ્મી માર્કેટ બ્રાચ બેંકના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૪૫,૦૦૦/-ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**સરદારનગરઃ** (૨) મનિષા ડો/ઓફ મહેશકુમાર અંબવાણી (ઉ.વ.૨૨) (રહે. જનતા એપાર્ટ્મેન્ટ સૈજપુર ટાવર પાસે કુબેરનગર) એ તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૩૩૯૭૬૬૪૬૪ તથા ૯૯૫૭૮૫૫૭૩૦ પરથી મનિષા અંબવાણી ના ફોનમાં વોટ્સએપ કોલ તેમજ મેસેજ કરી તેમજ મનિષા અંબવાણીને વોટસએપથી QR-CODE મોકલી વિશ્વાસમાં લઈ મનિષા અંબવાણીના પે.ટી.એમ એકાઉન્ટ માં પૈસા મોકલવાના છે તેમ કહી મનિષા અંબવાણીના પે.ટી.એમ એકાઉન્ટ માંથી અલગ-અલગ મળી કુલ રૂપિયા ૩૫,૦૭૭/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**શાહીબાગઃ** હરેક્રિષ્ણા સ/ઓફ લક્ષ્મણભાઇ પંચાલ (ઉ.વ.૫૨) (રહેઃ હરે ક્રિષ્ણ નિવાસ નંદનબાગ સોસાયટી વિભાગ-૧ ની બાજુમાં શાહીબાગ) એ તા.૦૪/૦૭/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૦ થી તા.૦૭/૦૧/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિકાસ કુમાર ૮૪૨૦૮૦૮૨૧૭ , ૦૭૫૯૬૬૮૯૧૮૭૧ તથા (૨) રવીકુમાર ૬૨૯૧૩૨૪૯૫૭ ઓલ એ.ટી.એમ ઇન્સ્ટોલેશન પ્રા. લીમીટેડ તથા ઇન્ડીયા ૧. એ.ટી.એમ ઇન્સ્ટોલેશન પ્રા. લીમીટેડ ૮ ફ્લોર ૧૫૦ ડાયમન્ડ હોલ જુનો એરપોર્ટ રોડ બેંગ્લોર ઇન્ડીયા પીન નં ૫૬૦૦૦૮ બંન્ને કંપનીના સી.ઇ.ઓ તરીકે નામ બતાવનારે ભેગા મળી હરેક્રિષ્ણા પંચાલ સાથે એ.ટી.એમ.મશીન લગાવાવાના બાના હેઠળ અલગ-અલગ રૂપિયા ૮૬૦૦/,૧૮૧૬૦/-,૭૨૭૧૫/-,૧૪૩,૬૨૭,૧૧૬૨૩૦/- મળી કુલ રૂપિયા ૩,૫૯,૩૩૨/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેંતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.કે.પટેલ ચલાવે છે.

## <u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૦૭/૨૦૨૦</u>

**સોલા હાઈકોર્ટઃ** ગોવિંદભાઇ સ/ઓ લક્ષ્મણભાઇ યાદવ (ઉ.વ.૨૮) (રહે.લક્ષ્મણગઢનો ટેકરો પાવાપુરી ઘાટલોડીયા) તા.૦૪/૦૭/૨૦૨૦ બપોરના ૧/૨૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા ખાતે ૭/બી, ચુવાળ સોસાયટી ખાતે મજુરી કામ કરતા હતા ત્યારે સાઇડ ઉપર ઇલેકટ્રીક મોટર ચાલુ કરવા સારુ મોટરનો પ્લગ ઇલેકટ્રીક બોર્ડમાં લગાવવા જતા વિજ કરંટ લાગતા શરીરે અસર થતા ચાણકયપુરી ડમરુ સર્કલ જય્યુશ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૦૮/૨૦૨૦</u>

**સરખેજઃ** સિતાબહેન ઉર્ફે શીતલબહેન વા/ઓફ કાનજીભાઇ ઠાકોર (ઉ.વ.૨૧) (રહે. મેલડીમાતા વાળોવાસ, સ્મશાન ગૃહ પાસે સરખેજ ગામ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૭/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી 'એમ' ડીવીઝન ચલાવે છે.

**માધવપુરાઃ** તેજાભાઈ ડાહ્યાભાઈ સોલંકી (ઉ.વ.૪૦) (રહે.જુગલદાસની ચાલી નંબર-૬ ઈદગાહ રોડ પ્રેમ દરવાજા બહાર) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૦૪/૦૭/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાંતીલાલ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** પ્રકાશભાઇ ગોપાલભાઇ પટણી (ઉ.વ.૩૫) (રહે. બાપાલાલ ઘાંચીની ચાલી ચમનપુરા મેઘાણીનગર) એ આર્થિક સંકડામણને લીધે તા.૦૪/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે આવેલ લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** ઓઢવ આદિનાથનગર આશીર્વાદ સીટી ખાતે રહેતા રાજકુમાર સ/ઓ શ્રીરામ દિવાકરના બાર વર્ષના પુત્ર અનીલ એ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૦ રાતના ૯/૨૫ વાગ્યા પેહલા પોતાના ઘરે છતના ભાગે આવેલ લોખંડના હુકમાં ખાટલાની પાટી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી